### વલસાડમાં અજાયબી બ્રિજને લઇ જિલ્લામાં વિવાદ શમવાનું નામ લેતો નથી

# ભાજપીને ફાયદો કરાવવા MLAએ બ્રિજ બનાવવા ભલામણ કરી હતી!

**વશિયરમાં** બ્રિજ પણ બની ગયો હોય, તેનો પણ સદઉપયોગ થઇ શકે અને સરકારનું આર્થિક ભારણ પણ હળવું થઇ શકે એવી રજૂઆત

**ઓવાડાને** બદલે વશિયરમાં સોલિડ વેસ્ટ પ્રોસેસ પ્લાન્ટ બનાવવા માંગણી

**વલસાડ નગરપાલિકાની હદ વધવાની શક્યતા**

આગામી દિવસોમાં વલસાડ નગરપાલિકાની હદ વધવાની શક્યતા અને વશિયર ગામ શહેરી સીમાંકન વિસ્તારમાં આવતું હોવાથી, શહેર અને નગરજનોના હિતમાં ઓવાડાને બદલે વશિયર ખાતે જમીન સંપાદનની દરખાસ્ત કલેક્ટર સમક્ષ રજૂ કરવા પત્રમાં ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે. આ રજૂઆતની નકલ પાલિકાના તમામ સભ્યો, વલસાડ કલેક્ટર તેમજ રાજ્યના શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈને પણ મોકલવામાં આવી છે.

વલસાડ : વશિયર અજાયબી બ્રિજને લઈ વલસાડ જિલ્લામાં ભારે વિવાદ ઉઠ્યો છે. જે શમવાનું નામ લેતો નથી. ભાજપના અગ્રણી એવા હર્ષદ કટારિયાની ખાનગી માલિકીની જમીનમાં જવા માટે સરકારે બ્રિજ બનાવી આપ્યો છે. આ બ્રિજ વલસાડના ધારાસભ્ય ભરત પટેલની ભલામણના આધારે બનાવાયો છે. ત્યારે આ મામલે કોંગ્રેસે ભારે વિરોધ કર્યો હતો. ત્યારબાદ હવે આ બ્રિજ નજીક ખુલ્લી જગ્યા હોય તેનો ઉપયોગ સોલિડ વેસ્ટ પ્રોસેસ પ્લાન્ટ બનાવવા થઈ શકે એવું હોવાની રજૂઆત સાથેનું એક લેખિત આવેદનપત્ર વલસાડ નગરપાલિકાના માજી નેતા અને સભ્યોએ આપ્યું છે.

વલસાડ નગરપાલિકાના માજી વિપક્ષ નેતા ગિરીશ બી. દેસાઈએ માજી અપક્ષ સભ્ય ઝાકિર પઠાણ તેમજ અન્ય સભ્યો સાથે પાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ, કારોબારી ચેરમેન અને સેનેટરી ચેરમેનને પત્ર પાઠવીને આ પ્લાન્ટ ઓવાડા ગામને બદલે વશિયર ગામ ખાતે ખસેડવા રજૂઆત કરી છે. તેમણે આ પત્રમાં જણાવાયું છે કે, કલેક્ટર દ્વારા ઓવાડા ગામે સર્વે નં. ૩૯૪ વાળી સરકારી પડતર જમીન ફાળવવામાં આવી છે, જેને લઈને સ્થાનિક સ્તરે અનેક વિવાદો ઊભા થયા છે. આ ઉપરાંત ઓવાડા ગામ વલસાડ શહેરથી આશરે ૧૬ કિલોમીટરથી વધુ દૂર આવેલું છે. ત્યાં પ્લાન્ટ સ્થાપવા માટે રસ્તા સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ અંદાજે ૮ થી ૧૦ કરોડ જેટલો જંગી ખર્ચ થવાની શક્યતા છે, તેમજ કચરો લઈ જવા પાછળ વાહન વ્યવહારનો ખર્ચ પણ પાલિકાને લાંબા ગાળે ભારે પડી શકે છે.

તેના વિકલ્પ તરીકે વલસાડ શહેરની સીમાથી માત્ર ૧ કિલોમીટરના અંતરે આવેલા વશિયર ગામ ખાતે બ્લોક સર્વે નં. ૫૧ (નવો સર્વે નં. ૩૬૮) ની સરકારી પડતર જમીન પ્લાન્ટ માટે ફાળવવા માંગણી કરવામાં આવી છે. આ જમીનને અડીને વાંકી નદી પર અંદાજે ૩.૫ કરોડના ખર્ચે બનેલો વિવાદી બ્રિજ પહેલેથી જ તૈયાર છે, જેથી પાલિકાને વધારાનું માળખાગત ખર્ચ કરવું પડશે નહીં. વશિયરમાં પ્લાન્ટ આસપાસ કોઈ વસ્તી ન હોવાથી સ્થાનિક લોકોને અડચણ ઊભી નહીં થાય અને વાહન વ્યવહારનો ખર્ચ ઘટવાની સાથે કચરાનો નિકાલ ઝડપથી થઈ શકશે.

## ધમડાચી પાસે હાઈવે પર ટ્રકની ટક્કરે મોપેડ ચાલકનું મોત

વલસાડ : વલસાડના ધમડાચી ગામ નજીક મુંબઈથી સુરત જતા નેશનલ હાઈવે પર ૧૫ સપ્ટેમ્બર ૨૦૨ના રોજ સાંજે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. અશોક લેલેન્ડ ટ્રક (GJ-19-Y-5004) ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી આગળ જતી સુઝુકી બર્ગમેન મોપેડ (GJ-15-EK-1596)ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોપેડ ચાલક મહમદ ઈન્સર સાબીર સાહબ કાજી (ઉં. ૩૭, રહે. ભાગડાવાડા)ના માથાના ભાગે ટ્રકનું ટાયર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં વલસાડ રૂરલ પોલીસ પહોંચતા મૃતકની મોપેડમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ૧,૮૨૪ રૂપિયા કિંમતનો દારૂ અને ૩૦,૦૦૦ રૂપિયાની કિંમતનું મોપેડ જપ્ત કર્યું હતું. પોલીસે ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો તથા મૃતક મોપેડ ચાલક સામે પ્રોહિબિશન એક્ટનો ગુનો નોંધ્યો છે.

# ‘દમણના ’નમો પથના ફૂટપાથ પર કાર દોડાવનાર સામે કાર્યવાહી

**નમો** પથ પર જોખમી ડ્રાઇવિંગ અને જાહેર મિલકતને નુકસાન કરાયું હતું




દમણ : નાની દમણના સી-ફેસ રોડ સ્થિત નમો પથના પેડેસ્ટ્રિયન ફૂટપાથ ઉપર બેફામ અને જોખમી રીતે કાળા રંગની મહિન્દ્રા સ્કોર્પિયો કાર દોડાવી જાહેર મિલકતને નુકસાન પહોંચાડવાના મામલે દમણ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સ્કોર્પિયો કાર (નં. GJ-18-EC-2505) જપ્ત કરી તેના ચાલક તેમજ વાહનમાલિક સામે ગુનો નોંધ્યો છે. ગત ૧૨ સપ્ટેમ્બરના રોજ રાહદારીઓ માટેના પાકા ફૂટપાથ પર બેદરકારીપૂર્વક કાર ચલાવાતા લોકોની સલામતી જોખમાઈ હતી અને ફૂટપાથના કોટા સ્ટોન તથા રોડ કર્બ સ્ટોનને નુકસાન થયું હતું. પીએડબ્લ્યુડીની સત્તાવાર ફરિયાદ બાદ પોલીસે આ પગલું ભર્યું છે.

તપાસ દરમિયાન કારના પાછળના કાચ પર ભારતનું રાજ્યચિહ્ન (સ્ટેટ એમ્બ્લેમ) લગાવેલું હોવાનું પણ સામે આવ્યું હતું. સત્તાવાર ચિહ્ન કે ટોકનનો ગેરકાયદે ઉપયોગ કરવો દંડનીય ગુનો છે. નાની દમણ પોલીસ મથકે જાહેર મિલકતને નુકસાન અટકાવવાના અધિનિયમ તેમજ મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. કાર ચલાવનાર મનઝરહુસૈન સુમારા અમદાવાદના મૂળ માલિક ધર્મેન્દ્રસિંહ ઝાલાની કાર લઈને દમણ આવ્યો હતો.

દમણ પોલીસે વાહનચાલકો અને પ્રવાસીઓને ચેતવણી આપતા જણાવ્યું છે કે ફૂટપાથ અને જાહેર પ્રોમેનાડ માત્ર રાહદારીઓ માટે છે. આવા સ્થળોએ વાહન ચલાવવું ગંભીર બાબત છે. જાહેર મિલકતને નુકસાન કરનાર સામે ફોજદારી કાર્યવાહી સાથે વાહન જપ્ત કરી નુકસાનની ભરપાઈ કરાશે. અનધિકૃત સત્તાવાર ચિહ્નો વાપરનારાઓ સામે પણ સખત પગલાં લેવાશે. પોલીસે ટ્રાફિક નિયમોની અવગણના સામે કોઈ ઢીલ ન રાખવાની સ્પષ્ટ જાહેરાત કરી છે.

# ‘અત્યાર સુધીનું શાળાનું નબળું બાંધકામ તોડી નવું બનાવો’

**ડાંગ** જિલ્લાના કાકશાળા ગામે નવનિર્માણ પામી રહેલી શાળાના નબળા બાંધકામ સામે તંત્રની લાલ આંખ

**બાંધકામમાં** અનેક કમીઓ અને ગંભીર ગેરરીતિઓ નજરે પડતા કોન્ટ્રાક્ટરનો ઉધડો લીધો


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સુબીર તાલુકા હેઠળ આવતા કાકશાળા ગામે નવનિર્માણ પામી રહેલી શાળાના બાંધકામની ગુણવત્તા સામે સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો હતો. શાળાનું બાંધકામ અત્યંત નિમ્ન સ્તરનું થતુ હોવાની ફરિયાદો ઉઠતા આ બાબત સોશિયલ મીડિયામાં પણ જોરશોરથી ચર્ચાનો વિષય બની હતી. શાળાના નિર્માણમાં કથિત ભ્રષ્ટાચાર થવાના સવાલો ઉભા થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ ગંભીર બાબતને ધ્યાને રાખીને ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ ગામીતે કાકશાળા ગામે પહોંચીને નવી શાળાના બાંધકામની ઓચિંતી સ્થળ મુલાકાત લીધી હતી. આ સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન તેમની સાથે તાલુકા પંચાયતના પ્રમુખ સંજય પવાર તેમજ જિલ્લા પંચાયતના સદસ્ય અને વર્તમાન આરોગ્ય ચેરમેન દિનેશ હિલિમ પણ જોડાયા હતા. ઉપસ્થિતોએ નવનિર્માણ પામી રહેલી શાળાના બાંધકામ તથા સામગ્રીની બારીકાઈથી ચકાસણી કરી હતી. સ્થળ તપાસ દરમિયાન બાંધકામમાં અનેક કમીઓ અને ગંભીર ગેરરીતિઓ નજરે પડતા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામીતે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ટેલિફોનિક સંપર્ક સાધીને સંબંધિત કોન્ટ્રાક્ટરનો કડકડો બોલાવી દીધો હતો. પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો હતો કે અત્યાર સુધીમાં જે પણ નબળું અને નિમ્ન કક્ષાનું બાંધકામ કરવામાં આવ્યું છે તેને તાત્કાલિક તોડી પાડવામાં આવે અને સરકારી નિયમો તેમજ નિર્ધારિત ધોરણો અનુસાર નવેસરથી ગુણવત્તાસભર કામગીરી શરૂ કરવામાં આવે.

## વોટ્સએપ પર બિલ, ‘પે નાવ’થી એક જ ક્લિકમાં વ્યવસાય વેરાની ચૂકવણી

**૯૦૦થી** વધુ ઈસી ધારકોએ વેરો ભરી વ્યાજના બોજમાંથી મેળવ્યો છુટકારો

વાપી : વાપીમાં વ્યવસાય, વેપાર, રોજગાર કે ધંધો કરતા ઈસી ધારકોને વ્યવસાય વેરો સમયસર ભરવા મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે. ચાલુ વર્ષ 2026-27નો વ્યવસાય વેરો બાકી હોય તેવા કરદાતાઓએ સપ્ટેમ્બરના અંત પહેલાં વેરો ભરી દેવા જણાવાયું છે, કારણ કે આગામી ઓક્ટોબર માસથી બાકી વેરા પર 12 ટકાના વાર્ષિક દરે વ્યાજ લાગવાનું શરૂ થશે.

વાપી મહાનગરપાલિકા કમિશનર એન. એફ. ચૌધરીએ મહાનગરપાલિકાની વેબસાઈટ મારફતે ઓનલાઈન વ્યવસાય વેરો ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવ્યા બાદ કરદાતાઓની વધુ સરળતા, સમય અને નાણાંની બચત થાય તે હેતુથી પ્રથમ વખત વોટ્સએપ મારફતે વ્યવસાય વેરાનું બિલ મોકલી એક જ ક્લિકમાં ઓનલાઈન પેમેન્ટ કરવાની અત્યાધુનિક સુવિધા વિકસાવવામાં આવી છે.

આ સુવિધા હેઠળ કરદાતાને વોટ્સએપ પર બિલ પ્રાપ્ત થાય છે. બિલ મળ્યા બાદ ઓનલાઈન પેમેન્ટ કરવા માટે કરદાતાએ પોતાનો નોંધણી નંબર કે મોબાઈલ નંબર અલગથી દાખલ કરવાની જરૂર નથી. વોટ્સએપ પર પ્રાપ્ત બિલમાં સ્ક્રીન પર વેરાની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે તેમજ બિલની PDF ડાઉનલોડ કરવાની સુવિધા છે. બિલમાં આપવામાં આવેલા ‘Pay Now’ બટન પર ક્લિક કર્યા બાદ બિલની તમામ વિગતો ચકાસીને કરદાતા સુરક્ષિત રીતે એક જ ક્લિકમાં વ્યવસાય વેરો ઓનલાઈન ભરી શકે છે. આ અંગે હેડક્લાર્ક રાકેશ ઠક્કરે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે 9,400થી વધુ વ્યવસાય વેરાના ઈસી ધારકોને વ્યાજ શરૂ થાય તે પહેલાં વોટ્સએપ મારફતે બિલ મોકલી આપવામાં આવ્યા છે. આ નવી ઓનલાઈન સુવિધાને કારણે કરદાતાઓને મહાનગરપાલિકાની કચેરી સુધી આવવાની જરૂરિયાત ઘટી છે અને ઘરેથી જ સરળતાથી વેરાની ચુકવણી કરી શકાય છે. નાયબ કમિશનર કિરણસિંહ રાણાએ જણાવ્યું હતું કે, ઈસી વ્યવસાય વેરો એ કોઈપણ વ્યવસાય, વેપાર, રોજગાર કે ધંધો કરતા વ્યક્તિઓ અને સંસ્થાઓ પર લાગુ થતો કાયદાકીય કર છે. વાપી મનપા વિસ્તારમાં વ્યવસાય કરતા ઈસી ધારકો માટે વેરો સમયસર ભરવો અનિવાર્ય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની બેસ્ટ પેપર મિલના માલિકની 43માં વર્ષે કામદારો સાથે અઠ્ઠાઇ



વાપી : વાપી જીઆઇડીસી વિસ્તારમાં રહેતાં રમેશભાઇ શાહ (સુમરિયા) પર્યુષણ પર્વમાં વર્ષોથી ઉપવાસ કરે છે. આ સાથે તેમના કંપનીમાં જ કામ કરતાં હરેશભાઇ અને તેમની પત્ની સહિત કેટલાક કામદારો પણ ઉપવાસ કરે છે. આ વખતે બેસ્ટ પેપરમિલના માલિક રમેશ શાહે પર્યુષણ પર્વ નિમિતે 43મી વાર અઠ્ઠાઇ કરી હતી. બુધવારે વાપી ઓસવાલ સમાજની છરવાડાની વાડીમા પાંરણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રમેશભાઇ શાહની 43મી અઠ્ઠાઇ, કેતન શાહ ચોથી અઠ્ઠાઇ, ફિયોના કેતન શાહ ચોથી અઠ્ઠાઇ, શિમોના સુમરિયા 14મી અઠ્ઠાઇ, મુળચંદ શાહે 14મી અઠ્ઠાઇ કરતાં પારણાં કરાવવામાં આવ્યા હતાં. તેમની કંપનીમાં કામ કરતાં ગૌરવ શાહ અઠ્ઠાઇ, અમિષા ગૌરવ શાહ (મુળ.નેપાળ)અઠ્ઠાઇ, હરેશ કામચંદ ગડા 36 ઉપવાસ, સોનલ હરેશ ગડા 36 ઉપવાસ (મુળ મધ્યપ્રદેશ), સુરેશ પટેલ 6 ઉપવાસ, હિરવ અરવિંદ શાહે 7 દિવસના તથા પરેશ શાહ અને જીગર નાગરાજ ગડાએ અઠ્ઠાઇ કરી હતી. વાપી બેસ્ટ પેપરમિલના ડાયરેક્ટર નિતીનભાઇ ઓઝા, ભારતીબેન સુમરિયા સહિતના આગેવાનોએ તપસ્વીઓના પારણાં કરાવ્યાં હતાં. મોટી સંખ્યામાં જૈન સમાજના આગેવાનો હાજર રહ્યા હતાં.

### વાપીમાં મોદીના જન્મદિવસે આજે 15,000 ‘આશીર્વાદના દીવડા’ સાથે મહાઆરતી

વાપી : દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસર પર પારડી વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા એક અનોખા કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ધારાસભ્ય કનુભાઈ દેસાઈની આગેવાની હેઠળ વાપી જીઆઈડીસી સ્થિત શ્રી અંબાજી માતા મંદિર ખાતે ‘આશીર્વાદના દીવડા’ મહાઆરતી અને દીપોત્સવી કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ આગામી તારીખ 17 સપ્ટેમ્બર 2026, ગુરુવારના રોજ સાંજે 5:00 કલાકે શ્રી અંબાજી માતા મંદિર પરિસરમાં યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્યની પ્રાર્થના અર્થે યોજાઈ રહેલા આ આયોજનની મુખ્ય વિશેષતા એ છે કે સમગ્ર મંદિર પ્રાંગણમાં એકસાથે 15,000 દીવડાઓ પ્રગટાવવામાં આવશે, જેનાથી અંબાજી ધામ દિવ્ય અને ભવ્ય રોશનીથી ઝળહળી ઉઠશે. પારડી વિધાનસભા ભાજપ દ્વારા આ આયોજનમાં પક્ષના તમામ હોદ્દેદારો, કાર્યકરો તેમજ સ્થાનિક જનતાને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લેવા જણાવાયું છે.

### ચીખલીના ખરોલી ગામના બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

ઘેજ : ચીખલી તાલુકાના ખરોલી ગામના દેસાઈ વાડ ખાતે રહેતા વિકાસકુમાર બળદેવસિંહ પરમાર (ઉં.વ.૩૫) ગત ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પોતાનું ઘર બંધ કરીને ધરમપુર ગયા હતા. ત્યારબાદ બુધવારે સવારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે ઘરના આગળના દરવાજાનો નકુચો તૂટેલો જોવા મળ્યો હતો. અજાણ્યા તસ્કરોએ ઘરમાં પ્રવેશી કબાટમાં રાખેલી ચાંદીની ચાર બંગડી (કિંમત રૂપિયા ૧૦,૦૦૦) તેમજ રોકડા રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૫,૦૦૦ની મતાની ચોરી કરી હતી. ઘટના અંગે જાણ થતાં ચીખલી પોલીસ મથકની ટીમ સ્થળ પર પહોંચી હતી. ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ આર.એન. વાડલે ચલાવી રહ્યા છે.

## નવસારી તેલાડાના ખેતમજૂરનો ફાંસો ખાઈ આપઘાત

નવસારી : નવસારીના તેલાડા ગામના ટાટાનગર ફળિયામાં ૨૧ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ઘરે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ખેતમજૂરી કરતા મહેશભાઈ રાઠોડનો પુત્ર તરુણ રાઠોડ ઘરે એકલો હતો. આ દરમિયાન તેણે ઘરના રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનો ઘરે પરત ફર્યા ત્યારે તરુણ લટકતી હાલતમાં મળી આવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા હતા. આ બનાવ અંગે મૃતકના પિતા મહેશભાઈ રાઠોડે નવસારી રૂરલ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ચવરા ગામે ખેતરમાં સાપ કરડતાં મહિલાનું મોત

ધરમપુર: ધરમપુરના ચવરા ગામના મોહપાડા ભીમદેવ ફળિયામાં સવારે ખેતરમાં ભેંસ ચરાવવા ગયેલા મેનુબેન ભોયાને જમણા પગના પાટલીના ભાગે કોઈ ઝેરી સાપે કરડ્યાનું જણાયું હતું. સાપ કરડ્યા બાદ તેઓ જાતે ઘરે પરત આવ્યા હતાં. પરિવારજનો દ્વારા વાહનની વ્યવસ્થા કરી સારવાર માટે પિંડવળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતાં. જોકે, સારવાર દરમિયાન ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


**SURAT MUNICIPAL CORPORATION**
**FIRE AND EMERGENCY SERVICES**
**E-Tender No. Deputy Commissioner/FES/07/2026-27**

FIT INDIA

E-Tender (Online) Notice No. Deputy Commissioner/FES/07/2026-27. Tender are invited for the following works through online on https://smctender.nprocure.com

| | | |
|---|---|---|
| 1 | NAME OF THE DEPARTMENT | FIRE & EMERGENCY SERVICES |
| 2 | NO. OF WORKS | 01 |
| 3 | TOTAL ESTIMATED COST OF TENDER (RS. IN CRORE) | 1.80 |

The detail Tender notice will be made available on web site www.suratmunicipal.gov.in or www.suratmunicipal.org

P.R.O. No. 234/2026-27
Date: 16/09/2026

Deputy commissioner
Surat Municipal Corporation

**ઓનલાઇન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ**
**જાહેર નિવીદા નં. ૧૨ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચ (મા.મ) વિભાગ, ગાયત્રીનગર, ભરૂચ કોડ નં. ૩૯૨૦૦૧ (ફોન નં. ૦૨૬૪૨-૨૬૧૩૯૪) હસ્તક આવેલ મકાનોના રીપેરીંગના ૦૭ કામ રોડ રીપેરીંગના ૦૧ કામ તેમજ ટી.પી.આઈના ૦૨ કામ જે કુલ ૧૦ કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી કિંમત રૂ.૪.૧૬ લાખ થી રૂ.૬૪૨.૮૬ લાખ વચ્ચે છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ http:/tender.nprocure.com વેબસાઈટ ઉપર તા. ૨૮/૦૯/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહીતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. નિવીદામાં થનાર ફેરફાર વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ભરૂચ/૩૦૫/૨૦૨૬

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ઈ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૦૧/૨૬-૨૭ | સયાજીબાગ ઝૂ | ૦૧ | ૪૦,૦૦,૫૦૦/- |
| ૨ | ૪૦૨/૨૬-૨૭ | રોડ પ્રોજેક્ટ | ૦૧ | ૧,૨૫,૦૦,૦૦૦/- |
| 3 | ૪૦૩/૨૬-૨૭ | પા.પુ.(વિતરણ) | ૦૧ | ૭૫,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૪૦૭/૨૦૨૬-૨૭ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

**(ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૯ સને. ૨૦૨૬-૨૭)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી ના.કા.ઇ. (મા×મ) પેટા-વિભાગ માંડવી દ્વારા અત્રેની પેટા વિભાગીય કચેરી હસ્તક આવેલ રેસ્ટ હાઉસ તથા ઓફીસ ખાતે અપકીપીંગની સુવિધા પુરી પાડવાની કામગીરી કરવા માટે ઈ-૧ તથા તેની ઉપરની કક્ષાના નોંધણી ધરાવનાર માન્ય ઈજારદારો પાસેથી રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની તારીખઃ ૨૨/૦૯/૨૦૨૬ અને પરત મેળવવાની તારીખઃ ૨૯/૦૯/૨૦૨૬. આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
(મા×મ) પેટા વિભાગ
માંડવી

ક્રમાંકઃ માહિતી-સુરત/૬૧૧/૨૦૨૬

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

પુણા કુંભારીયા શાખા : પ્લોટ નં. ૧૨-૧૩, ટાટા મોટર્સ ઓટો પોઈન્ટ નજીક, મુ.મગોબ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧-૨૬૪૦૦૨૯, ૨૬૪૦૦૩૦ Email : punsur@bankofbaroda.com

**પરિશિષ્ટ-૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત)**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૭.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી શ્યામનારાયણ નગીના પ્રજાપતિ (દેવાદાર) શ્રીમતી ગુડીયા પ્રજાપતિ (સહ-દેવાદાર)**, ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૨૦,૪૨,૯૮૪/-તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને અન્ય ખર્ચાઓ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૩મી સપ્ટેમ્બર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા પુણા કુંભારીયા શાખા** ની રકમ **રૂ.૨૦,૪૨,૯૮૪/- તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને અન્ય ખર્ચાઓ** ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ધીરજ નગર-૧’ તરીકે ઓળખાતી નો પ્લોટ નં.૨૬૮ આશરે માપ ૪૧.૨૫ ચો.મી, તેનો બાંધકામનું એરિયા માપ ૩૨.૭૧ ચો.મી, એન.એ જમીનનો ફાઈનલ પ્લોટ નં.૧૮/એ, ૧૮/બી, અને ૧૮/સી પૈકી ૧૮/એ, ટી.પી.સ્કીમ નં.૬૯ (ડિંડોલી-ગોડાદરા), રેવન્યુ સર્વે નં.૭૭/૧, ૭૭/૨, ૭૮/૨, ૭૯ અને ૮૦, બ્લોક નં.૮૪, મોજે ગામ.ગોડાદરા, સબ ડિસ્ટ્રીકટ. સુરત સીટી, જી. સુરત ખાતે શ્રી શ્યામનારાયણ નગીના પ્રજાપતિ ની માલિકીની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૨૬૭, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૨૬૯, **ઉત્તર તરફ** : સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૨૯૫

તા.૧૩.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા કુંભારીયા શાખા

**यूको बैंक UCO BANK** HONOURS YOUR TRUST

હજીરા શાખા : દુકાન નં.૧ થી ૪ શ્રી હરિઓમ ગંગેશ્વર નગર, ઈચ્છાપોર-૩, હજીરા રોડ, સુરત-૩૯૪૫૧૦ ફોન : ૦૨૬૧-૨૮૪૧૫૦૦ email : hazira@ucobank.co.in

**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **યુકો બેંક** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૩.૦૬.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/ગીરવેદાર શ્રી કલ્પેશ રવજીભાઈ કોટડીયા (દેવાદાર અને ગીરવેદાર), શ્રી રવજીભાઈ કુરજીભાઈ કોટડીયા (સહ-દેવાદાર), અને શ્રીમતી કમલાબેન રવજીભાઈ કોટડીયા (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂ.૧૧,૩૩,૮૪૧.૯૫/- (અંકે રૂ. અગિયાર લાખ તેત્રીસ હજાર આઠસો એકતાલીસ અને પંચાણુ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરીટી ઈન્ટેરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **યુકો બેંકની રકમ રૂ.૧૧,૩૩,૮૪૧.૯૫ વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ને આધીન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત જે જમીન અને બિલ્ડીંગ‘કામધેનુ રેસીડેન્સી’ નો પ્લોટ નં.૨૪૬ માપ ૪૪.૬૧ ચો.મી. જે જમીનમાં ૨૭.૨૩ ચો.મી. માં આવેલ રોડ અને સીઓપી ના વણવહેંચાયેલ હિસ્સા સહિત કુલ માપ ૭૧.૮૪ ચો.મી., જમીન રે.સ.નં. ૧૭૨,૧૭૩,૧૭૪, બ્લોક નં.૨૧૩/એ, માપ ૨૩૮૦૦ ચો.મી, મોજે ગામ વેલંજા, સબ- ડિસ્ટ્રીકટ. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે.

તા.૧૧.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, યુકો બેંક

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

આશાનગર શાખા : જશ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત-૩૯૬૪૪૫, ફોન નં. ૬૩૫૨૫૫૩૪૭૧ email : vjnavs@bankofbaroda.com

**પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (રૂલ્સ ૮) સાથે વંચાણે લઈ **તા.૧૦.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી દિપીકાબહેન જયકુમાર ગાંધી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૧૩,૦૮,૩૨૦.૫૭ (અંકે રૂ. તેર લાખ આઠ હજાર ત્રણસો વીસ અને સત્તાવન પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫ ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ ના રોજ થી વ્યાજ સહિત)** અને તેના ઉપરના વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂ.૧૩,૦૮,૩૨૦.૫૭ (અંકે રૂ. તેર લાખ આઠ હજાર ત્રણસો વીસ અને સત્તાવન પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫ ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ થી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રેવન્યુ સર્વે નં.૩૨૧/૧/૧ એકીકરણ પછી નવો સર્વે નં. ૭ જમીન કુલ માપ ૪૦૭૦.૪૭ ચો.મીટર માં ડેવલ્પ થયેલ ‘પનેશા’ વિંગ ‘એ’, ‘બી’ અને ‘સી’ પૈકી- સી-૧, વિંગ ‘સી’ બિલ્ડીંગ ના ૪થા માળ નો ફલેટ નં. સી-૧/૪૧૨ ફલેટ ના બાંધકામ નું માપ ૫૫.૭૬ ચો.મી, સુપર બિલ્ટઅપ એરીયા, બિલ્ટઅપ એરીયા માપ ૩૮.૪૭ ચો.મીટર અને કારપેટ એરીયા માપ ૩૩.૪૬ ચો.મી, મ્યુનીશીપલ ઘર નં. ૨૩૪૯/૮૭, વોર્ડ નં. ૬ વણવહેચાયેલ હિસ્સા, વીજલપોર, તા. નવસારી સીટી, જી. નવસારી ખાતે શ્રીમતી દિપીકાબહેન જયકુમાર ગાંધી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વે** : સંલગ્ન ફલેટ નં. સી-૧/૪૧૧, **પશ્ચિમે** : સંલગ્ન ફલેટ નં. સી-૧/૪૧૩, **ઉત્તરે** : પેસેજ, **દક્ષિણે** : ૧૫.૦૦ ફુટ સોસાયટી રોડ આવેલ છે.

તા.૧૫.૦૯.૨૦૨૬ | સ્થળ : નવસારી — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા આશા નગર શાખા